PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

તારીખ : ૦૬ - ૦૪ - ૨૦૨૨

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૦/ક્વા-03/૨૦૨૧-૨૨/ ૨૫૪૬-૧

રજી. એડી. પત્ર

પ્રતિ,
ભાવિનભાઈ દોશી
૧૨૧, સત્યનારાયણ પાર્ક, શેરી નં - ૩, ૧૫૦ ફૂટ રીંગ રોડ, .
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૭
મોબાઈલ : ૯૮૨૪૦૦૦૫૧૫

વિષય : બંધ ઓફીસનું એવરેજ બીલ રદ કરવા બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૦/ક્વા-03/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય. આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મવડી રોડ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૦/ક્વા-૩/૨૧-૨૨/૨૫૪૬-૧ તા.૦૬/૦૪/૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૨૦/ક્વા-૩/૨૧-૨૨**

| | |
|---|---|
| અરજદાર | : ભાવિનભાઈ દોશી ગામ: રાજકોટ |
| પેટા વિભાગીય કચેરી | : મવડી રોડ |
| રજૂઆત કરનાર | : અરજદાર ભાવિનભાઈ દોશી હાજર રહેલ છે. |

**:: વિરુધ્ધ ::**

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩ |
| રજૂઆત કરનાર | : શ્રી આર.એમ.માકડિયા, કાર્યપાલક ઈજનેર શ્રી પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી રાજકોટ શહેર-૩ હાજર રહેલ છે. |

**:: કોરમ ::**

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી.મકવાણા |
| ૨ )સભ્ય(ટેકનીકલ) | - શ્રી આર.જી.ગોવાણી |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૨૩-૦૩-૨૦૨૨ (બુધવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૮.૦૧.૨૦૨૨ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર ભાવિનભાઈ દોશી હાજર રહેલ હતા તેમજ કા.વા. કાર્યપાલક ઈજનેર એન.ડી.રૂઘાણી હાજર રહેલ હતા. સદર સુનાવણી દરમ્યાન ફોરમ દ્વારા અરજદારના સદર જોડાણના વિવાદિત મીટરને મીટર મેન્યુફેકરીંગ કંપનીના અભિપ્રાય સાથેના રીપોર્ટ માટે મોકલી આપવા સુચન કરવામાં આવેલ જે અનુસંધાને મીટર મેન્યુફેકરીંગ કંપનીનો અભિપ્રાય મળી ગયેલ હોય સદર કેસની ફેર સુનાવણી તા.૨૩.૦૩.૨૦૨૨ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓની ઓફીસ Twin Star South – 305 માં આવેલ છે. સદર જગ્યામાં અરજદાર મવડી રોડ પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.૩૦૬૦૮/૫૦૩૮૮/૬થી વાણિજ્યિક હેતુનું વીજજોડાણ ધરાવે છે.

૨.૧ સદર વીજજોડાણમાં ક્યારેય વીજવપરાશ કરેલ નથી.તેમ છતાં પી.જી.વી.સી.એલ. દ્વારા આપેલ એવરેજબીલ અંગે ફરિયાદ કરતા પેટાવિભાગીય કચેરી તરફથી મીટર બદલી આપેલ જે મીટરને લેબોરેટરી માટે મોકલેલ હતું. સવાલ વાળા મીટરના લેબરીપોર્ટમાં ડિસ્પ્લે ન હોવાથી MRI થઈ શકેલ નથી અને મવડી શાખામાંથી ખરાઈ માટે ડેપ્યુટી ઓફિસરે બે વખત અલગ-અલગ વ્યક્તિને મોકલી સાઈટ વિઝીટ કરાવેલ છે જેના દ્વારા વિડીયો તથા ફોટો પાડેલ છે. જેનાથી ચોકસાઈ થઈ ગયેલછે કે ઓફિસમાં કોઇપણ પ્રકારનો ઇલેક્ટ્રિસીટી વપરાશ થયેલ નથી. ડેપ્યુટી ઓફિસરની સંમતી પણ આ બાબતમાં છે છતાં પણ તે બીલની રકમમાં ફેરફારકે એવરેજ બીલ બાદ કરાવી શકે તેવી જોગવાઈ ન હોવાથી અરજદાર દ્વારા સદર બીલ રદ કરી આપવા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલકે મવડી રોડ સબડીવીઝનના ગ્રાહક નં.૩૦૬૦૮/૫૦૩૮૮/૬ એવરકોન ડેવલોપર્સ પ્રા. લી. ના નામથી વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણ અન્વયે અરજદાર શ્રી ભાવિનભાઈ દોશી દ્વારા બંધ ઓફિસનું એવરેજ બીલ રદ કરવા બાબત ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

3.૧ અરજદારનું સદર મીટર ફોલ્ટી હોવાથી તા.૨૩.૦૮.૨૦૨૧ના રોજ ચેકિંગશીટ નંબર RCC-૧૨૬૧૫૩ મુજબ બદલવામાં આવેલ. સદર બદલાયેલ મીટરની લેબચકાસણી તા.૨૫.૧૦.૨૦૨૧ ના રોજ શ્રી ભાવિન કાંતિલાલ દોશીની હાજરીમાં કરવામાં આવતા તેઓનું થ્રી ફેઈઝ મીટર ચકાસણી રોજકામ નં. RCD-3/૧૪૭૦૯ મુજબ ફોલ્ટી હોવાની નોંધ થયેલ છે.

3.૨ ઉપરોક્ત બાબતે મવડીરોડ સબડીવીઝન દ્વારા માહે ઓગ.-૨૦૨૧ અને સપ્ટે.-૨૦૨૧માં સરેરાશ ૩૦૦ યુનીટનું બીલ રૂ.૨૬૪૦/- લેખે આપેલ હતું.

3.3 સદર મીટરના લેબચકાસણી અહેવાલ મુજબ તેઓના બિલિંગ પિરિયડ ઓગ.-૨૦૨૧ મુજબ ફોલ્ટીમીટર નું ૩૦૦ યુનિટનું રૂ.૨૬૪૦/- તેમજ સપ્ટે.-૨૦૨૧ ના બિલમાં ફોલ્ટી થયેલ છેલ્લા મીટર રીડિંગ તારીખથી મીટર બદલાયેલ તારીખ સુધીનું ૪૦ યુનિટનું રૂ.૬૯૦/- એમ મળી કુલ રૂ.૩૩૩૦/- ભરવા પાત્ર થાય છે. આમ, અગાઉ અપાયેલ બીલ અન્વયે તફાવતની રકમ રૂ.૧૯૫૦/- ગ્રાહકના ખાતામાં જમા કરવામાં આવેલ છે.

3.૪ આમ, મીટરનું લેબ-ટેસ્ટિંગ દરમિયાન ડિસ્પ્લે બંધ હોવાને કારણે કંપનીના નિયમ અનુસાર ગણતરી કરી તેઓને રૂ.૩૩૩૦/- નું બિલ ભરવા પાત્ર થાય છે.

3.૫ સદર કેસની સુનવણી તા.૧૮.૦૧.૨૦૨૨ દરમિયાન અપાયેલ સુચના મુજબ સવાલવાળા મીટરનો કંપનીનો અભિપ્રાય રજુ કરવા જણાવેલ. જે અન્વયે કંપની દ્વારા અનુક્રમે તા.૨૩.૦૨.૨૦૨૨ અને તા.૨૧.૦૩.૨૦૨૨ ના રોજ આપેલ અભિપ્રાય મુજબ મીટર ડિફેક્ટીવ છે. જેનો રીપોર્ટ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી ભાવિનભાઈ દોશી મવડીરોડ પેટાવિભાગીય કચેરી હેઠળ એવરકોન ડેવલોપર્સ પ્રા. લી. ના નામથી ગ્રાહકનં.૩૦૬૦૮/૫૦૩૮૮/૬ થી ૬.૫ KW નું વાણિજ્યિક હેતુનું વીજજોડાણ ધરાવે છે.

૪.૨ અરજદારની રજૂઆત મુજબ તેઓની સદર ઓફિસમાં કોઈ વીજવપરાશ કરેલ ન હોવા છતાં બીલ માહે ઓગ.-૨૦૨૧ અને સપ્ટે.-૨૦૨૧ માં સરેરાશ ૩૦૦ યુનીટનું બીલ રૂ.૨૬૪૦/- લેખે આપેલ હતું. સદર બંને સરેરાશ વિજબીલ અન્યાયી હોય રદ કરવા અરજદારે ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

૪.3 સદર કેસમાં પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ અરજદારનું સદર વીજજોડાણ તા.૦૪.૦૫.૨૦૨૧ થી રીલીઝ થયેલ છે. અરજદારનું સદર મીટર ફોલ્ટી હોવાથી પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૨૩.૦૮.૨૦૨૧ ના રોજ મીટર બદલાવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| Particulars | Old Meter Dt.23.08.21 | Old Meter-As per MTLab Dt.25.10.21 |
|---|---|---|
| Make | L&T | L&T |
| Meter No | PT 507517 | PT 507517 |
| Capacity | 10-60A | 10-60A |
| C. Reading | Display Off | Display Off (Faulty) |
| Load | 3440 Watt | |

ઉપરોક્ત મીટરનુ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૨૫-૧૦-૨૦૨૧ ના રોજ ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં કરેલ તપાસણીના રીપોર્ટ મુજબ મીટરનો ડિસ્પ્લે બંધ હોવાથી મીટર ફોલ્ટી છે તેવી નોંધ કરેલ છે.

૪.૪ અરજદારનો વીજ વપરાશ પી.આર.ટી.-૧૪૫ મુજબ નીચે પ્રમાણે નોંધાયેલ છે.

| BILLING PERIOD | BILL-DATE | CURR RDG | PAS RDG | CONS. |
|---|---|---|---|---|
| MAY,21 BILL JUN,21 | 04-Jun-21 | 2 | 2 | 0 |
| JUN,21 BILL JUL,21 | 14-Jun-21 | 2 | 2 | 0 |
| JUL,21 BILL AUG,21 | 19-Jul-21 | 2 | 2 | 0 |
| AUG,21 BILL SEP,21 | 19-Aug-21 | 2 | 2 | 300 |
| SEP,21 BILL OCT,21 | 22-Sep-21 | 2 | 2 | 300 |
| OCT,21 BILL NOV,21 | 18-Oct-21 | 2 | 2 | 0 |
| NOV,21 BILL DEC,21 | 19-Nov-21 | 2 | 2 | 0 |
| DEC,21 BILL JAN,22 | 18-Dec-21 | 2 | 2 | 0 |
| JAN,22 BILL FEB,22 | 17-Jan-22 | 2 | 2 | 0 |
| FEB,22 BILL MAR,22 | 18-Feb-22 | 2 | 2 | 0 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૫ સદર કેસની સુનાવણી તા.૧૮-૦૧-૨૦૨૨૨ દરમ્યાન અરજદારની રજૂઆત મુજબ સદર જગ્યા ખાલી જ છે જેમાં કોઈ વિજવપરાશ કરેલ નથી જે બાબત ધ્યાને રાખીને પી.જી.વી.સી.એલ. દ્વારા અપાયેલ સરેરાશ વીજવપરાશના બીલ રદ કરવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે જે અન્વયે અરજદારના સવાલવાળા મીટરનો કંપનીનો અભિપ્રાય તેમજ સ્થળ તપાસનો રીપોર્ટ રજુ કરવા પી.જી.વી.સી.એલ. ને ફોરમ દ્વારા સુચના આપેલ જે અન્વયે સદર મીટર સીરીયલ નં. PT 507517 કંપની I&T ના ઈમેલ તા.૨૩.૦૨.૨૦૨૨ અને તા.૨૧.૦૩.૨૦૨૨ મુજબ મીટર ક્ષતિગ્રસ્ત ગણવું.

૪.૬ તદઉપરાંત, અરજદારની સદર ઓફીસની કરાયેલ સ્થળ તપાસ તારીખ : ૧૯-૦૧-૨૦૨૨ ના રોજ કરાયેલ રોજકામ ચેકિંગ શીટ નં. RCC – 119655 મુજબ અરજદારની સદર ઓફિસમાં કોઇપણ પ્રકારનો વીજવપરાશ ન હોવાની નોંધ છે.

ત્યારબાદ ફરીથી તા.૦૫-૦૨-૨૦૨૨ ના રોજ પી.જી.વી.સી.એલ. દ્વારા અરજદારના પ્રતિનિધિ શ્રી અંકિતભાઈ સાગરની હાજરીમાં સ્થળ તપાસ કરતા સદર દુકાનમાં એ.સી. વેન્ટીલેશન બાજુમાં ઉપરની બાજુ ૦૩ હોલ કરેલા છે તે મુજબ એ.સી.નું આઉટલેટ કરેલ હોવાનું લાગેલ છે. જે બાબત ધ્યાને લેતા તા.૦૫.૦૨.૨૦૨૨ ની ચેકિંગ શીટમાં નોંધાયેલ ૩.૪૦ કીવોનો વીજભાર યોગ્ય છે.

૪.૭ આમ સદર કેસનો અભ્યાસ કરતા માલુમ થાય છે કે અરજદારની રજૂઆતના આધારે તેમજ પી.જી.વી.સી.એલ. દ્વારા કરાયેલ સ્થળ તપાસનો રીપોર્ટ તેમજ સવાલવાળા મીટરનો લેબ રીપોર્ટ અને એમ.આર.આઈ. અહેવાલ, અરજદાર દ્વારા કરાયેલ વીજવપરાશના પી.આર.ટી.-૧૪૫ મુજબ, સવાલવાળા મીટરની કંપનીનો અભિપ્રાય અને અરજદારનું સવાલવાળું મીટર બદલ્યા બાદ મીટરમાં નોંધાયેલ વીજવપરાશ "0" યુનીટજ નોંધાયેલ હોય જે તમામ બાબતો ધ્યાને લેતા અરજદારની સદર ઓફીસમાં કોઈ વીજવપરાશ થયેલ હોય તેમ પ્રતિપાદિત થતું નથી. આવા સંજોગોમાં પી.જી.વી.સી.એલ. દ્વારા અપાયેલ સરેરાશ વીજબીલ માહે ઓગષ્ટ-૨૦૨૧ અને માહે સપ્ટેમ્બર-૨૦૨૧ ના બીલો રદ કરવા ફોરમ દ્વારા નિર્ણય કરવામાં આવે છે. સદર બાબતે કરાયેલ કાર્યવાહીનો વિગતવાર રીપોર્ટ અરજદારને અત્રેના ફોરમની જાણકારી હેઠળ દિવસ ૧૦ માં આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૭ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૯ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.જી.ગોવાણી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય(ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯